ગાંધીનગર સમાચાર

તા. ૩-૪-૨૦૧૪, ગુરૂવાર

## તંત્રી સ્થાનેથી....

# જનપ્રતિનિધિઓના મોઢામાં ઝેર શોભે ખરું?

લોકશાહીમાં નાગરિકને મળેલ વાણીસ્વાતંત્ર્યનો જે બેફામ દુરુપયોગ આપણા નેતાઓ કરી રહ્યા છે તે જોઈ-સાંભળીને કોઈપણ શાલીન વ્યક્તિ કાં તો શરમ અનુભવશે કાં એમની દયા ખાશે. આ દેશને આઝાદી પછીનાં શરૂઆતનાં વર્ષોમાં કેવા નમૂનેદાર નેતાઓ સાંપડ્યા હતા! પંડિત જવાહરલાલ નહેરુનું ભાષા જ્ઞાન ઘણું ઊંચું હતું. સરદાર પટેલ તડ અને ફડ કરનારા નેતા હતા, પરંતુ સામી વ્યક્તિને અપમાનજનક લાગે એની હલકી ભાષા ક્યારેય નહોતા વાપરતા. રામમનોહર લોહિયાના ભાષા વૈભવ સાથે આજના કોઈપણ નેતા ટકી શકે નહીં. જનસંઘનો દીવો પ્રગટાવનારા અટલબિહારી વાજપેયીની કવિત્વમય શૈલીનો સંસદ ઈતિહાસમાં જોટો જડવો મુશ્કેલ છે. ઈન્દ્રપ્રસ્થનાં સામ્રાજ્ઞીનું બુરુદ મેળવનારાં પ્રિયદર્શિની ઈન્દિરા હાડોહાડ એક હથ્થું શાસનનાં સમર્થન હોવા છતાં વાણીવિલાસથી હંમેશા વેગળાં રહ્યાં છે. આ બધા નેતાઓમાં સ્વભાવે તુમાખીવાળા ભૂતપૂર્વ વડાપ્રધાન મોરારજી દેસાઈએ પણ વાણીવિવેકનું ક્યારેય અતિક્રમણ કર્યું નથી. એમની લડાઈ એ મુદ્દાઓ અને સિદ્ધાંતોની લડાઈ હતી. ક્યારેય હળવી મજાક કે તીખો કટાક્ષ કરે તો પણ આ બધા નેતાઓ ભાષા વિવેકની લક્ષ્મણરેખા ઓળંગવાનું પાપ નહોતા કરતા. આજે પરિસ્થિતિ એ હદે વણસી ચૂકી છે કે સામી વ્યક્તિનું માન તો ઠીક, વકતા પોતાની ગરિમાનો પણ ખ્યાલ રાખ્યા વગર જે જીભે ચડ્યું તે ઓકી નાખે છે. એથી વખત પૂરતી અર્ધદગ્ધ મેદની તાળીઓ જરૂર પાડે છે પરંતુ જરા શાંતિપૂર્વક વિચાર્યા પછી એને એવા બસૂરા બોલ આકરા જ લાગતા હોય છે. આપણા આ માનવંતા નેતાઓ જે પ્રકારની ગંદી ગલીચ ભાષા વાપરે છે, તે પાછી હવે તો મીડિયાની પાંખે ચડીને દુનિયાના ખૂણે ખૂણે પડઘાતી રહે છે. આપણે એક લોકશાહી રાષ્ટ્રની પ્રજા તરીકે કેટલા વિકૃત બની ગયા છીએ,એનું એ બોલકું પ્રમાણ બની રહે છે. એ.કે. એન્ટની અને અરવિંદ કેજરીવાલને પાકિસ્તાનના એજન્ટ કહેવાથી એમની પ્રતિભા કરતાં વિશેષ આવા નિરાધાર આક્ષેપ કરનારની છબી જ ખરડાતી હોય છે. નરેન્દ્ર મોદી એમ માનતા હોય કે મારા તીખા તમતમતા કટાક્ષો અને શાલીનતાના શબ્દોકોશમાં ન સમાય એવી સર્જનાત્મક ભાંડણલીલાથી હું સારો લાગું છું, તો તેઓ ભીંત ભૂલે છે. પ્રજા પાસે એક છઠ્ઠી ઈન્દ્રિય પણ હોય છે જે નેતાઓની કક્ષાનું માપ કાઢે છે. કોંગ્રેસ કે પવાર વિરુદ્ધનાં મોદીનાં વાગ્બાણ અને પવારના વળતા પ્રહાર - બેઉમાં ઔચિત્યભંગ છે. મોદીને મેન્ટલ હૉસ્પિટલમાં સારવાર લેવાની જરૂર છે એમ કહેનારા મરાઠા નેતાને માલુમ થાય કે આજના લગભગ નેવું ટકા નેતાઓનું થોડુંઘણું ચસકેલું જ હોય એવી સ્થિતિ સરજાવા પામી છે. જો એમ નહોત તો ભાષા વિવેકની લક્ષ્મણ રેખા ઓળંગ્યા વિના પણ ચૂંટણીપ્રચાર થઈ શકયો હોત . ભાષા વિવેકનો શ્રેષ્ઠ નમૂનો પી.ચિંદબરમ્, લાલકૃષ્ણ અડવાણી અને એન્ટીની કે જસવંતસિંહ જેવા નેતાનાં વકતવ્યોમાં જોવા મળે છે. આંખમાં ઝળઝળિયાં સાથે વરિષ્ઠ રાજવંશી નેતા પોતાને કહેવાનું યોગ્ય લાગે તે છડેચોક કહી દે છે અને છતાં એક આદર્શ રાજપુરુષની ગરિમા લોપાતી નથી. સામે પક્ષે ‘પપ્પુ’ અને ‘ફેકું’ જેવાં તખલ્લુસો કે ઉગ્રતાપૂર્વક ‘કટકે કટકા’ કરવાની વાતી, કુંવારા મોદીના ખોળામાં કુંવારા માયાવતીને બેસાડવાની રજૂઆત- એ વાણી સાથેનો કુત્સિત વ્યભિચાર છે. વાણીના આ વ્યભિચારમાં આમ આદમી પાર્ટીના નેતા પણ અપવાદરૂપ નથી. રાહુલ ગાંધી સંયમિત ભાષામાં ભાષણો કરવાની કોશિશ કરે છે ખરાં પરંતુ એમની જીભ પણ ક્યારેક લપસી જાય છે. ઉત્તરપ્રદેશના મુસ્લિમ નેતાઓ તો હદ વટાવે છે. મોદીને ‘દરિંદા’ અને ‘હેવાન’ જેવાં વિશેષણોથી નવાજવામાં એમને લેશ પણ ક્ષોભ થતો નથી. આઝમખાન મોદીને રઘવાયું જાનવર કહે છે તો વળી બેનીપ્રસાદ વર્મા! મોદી માટે ‘આર ઍસ ઍસના ગુન્ડા’ જેવાં વિધાન કરે છે અને મુલાયમસિંહને એથી પણ મોટા ગુંડા તરીકે ઓળખાવે છે, પરંતુ એથી લોકોના મનમાં જે-તે નેતાઓની જે છાપ અંકિત થયેલ છે તે ભૂંસાતી નથી. હા, બેનીપ્રસાદ વર્માનું મગજ ઠેકાણે નથી, એટલી ગાંઠ જરૂર વળે છે. સામસામા કૂતરાં-બિલાડાંની જેમ લડી ઝઘડી રહેલા ઠાકરેબંધુઓની ભાંડણલીલા પણ લોકોને માટે તો હળવું મનોરંજન જ બની રહે છે. ચૂંટણીપંચ કેટ કેટલી ફરિયાદો પર ધ્યાન આપે? ભાષાવિવેકનો એક ખાસ ‘કોડ’ નક્કી થવો જોઈએ એવી દલીલ પણ ચાલી શકે એમ નથી કારણ કે, શબ્દ પાસેથી વિવેધ સ્તરે વિવિધ પ્રકારનું કામ લઈ શકાય છે. શબ્દ ‘બ્રહ્મ’ પણ છે અને ‘બૉમ્બ’ની ગરજ પણ સારે છે. પરંતુ એ શબ્દનો દુરુપયોગ એ તો સાક્ષાત્ સરસ્વતી ઉપરનો બળાત્કાર છે. ભારત જેવા સુસંસ્કૃત રાષ્ટ્રના જનપ્રતિનિધિઓના મોંમાં ઝેર શોભે ખરું?

# સે. ૧૨ જી.સી.ઈ.આર.ટી. ભવનમાં ધુતારાઓ કેવી રીતે છેતરે છે તેના પર પ્રયોગો કર્યા

### નિસર્ગ સેન્ટર દ્વારા રસાયણ વિજ્ઞાનના ૧૨૦ શિક્ષકોને પ્રયોગો બતાવ્યા

ગાંધીનગર, તા. ૨

જી.સી.ઈ.આર.ટી. તાલીમ ભવન સેકટર-૧૨માં આજે રસાયણ વિજ્ઞાનના શિક્ષકો માટે રસાયણ વિજ્ઞાનના પ્રયોગો કરી ધુતારાઓથી સેન્ટર દ્વારા ગાંધીનગર અને સાબરકાંઠા જિલ્લાના રસાયણ વિજ્ઞાનના શિક્ષકો માટે જી.સી.ઈ.આર.ટી. તાલીમ ભવન સેકટર-૧૨ ખાતે આજે ફન વિથ કેમેસ્ટ્રી કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. અનિલભાઈ પટેલ દ્વારા વિજ્ઞાનને લગતા ૨૦ પ્રયોગો કરવામાં આવ્યા હતા. શિક્ષકોને સમાજમાં અંધ વિશ્વાસનો ફેલાવો કરતા ભુવાઓ અને ધુતારાઓ કેવી રીતે ભોળી જનતાને બતાવવા. જેથી બાળ માનસ પર અંધશ્રદ્ધાની છાપ ન પડે. કાર્યક્રમમાં ઉપસ્થિત શિક્ષકોને પ્રયોગોની માહિતી પુરી પાડતી પુસ્તિકા આપવામાં આવી હતી. આ પ્રસંગે તાલીમ ભવનના વિજ્ઞાન



કેવી રીતે બચવુ તેના પર નિસર્ગ સેન્ટર દ્વારા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

ગાંધીનગર સેક્ટર-૨૩માં આવેલી નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ કાર્યક્રમમાં સાબરકાંઠા અને ગાંધીનગર જિલ્લાના રસાયણ વિજ્ઞાનના ૧૨૦ શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં સંસ્થાના ટ્રસ્ટી છેતરે છે તેના પર વિસ્તૃતમાં પ્રકાશ પાથરવામાં આવ્યો હતો.

જેમાં પટેલે શિક્ષકોને કહ્યું હતું કે, આ પ્રયોગો વિદ્યાર્થીઓ સામે કરીને સહાલકાર દિનેશ પટેલ, ડી.ઈ.ઓ. કચેરીના પઢિયાર સાહેબ તેમજ સેન્ટરના કો-ઓર્ડિનેટર શિવાંગ પટેલ અને હાર્દિક મકવાણા ઉપસ્થિત રહ્યા હતા.

## હરિની દ્દષ્ટિ...




મમ્મી આમને મેં કાલે એપ્રિલ ફુલ બનાવ્યા હતા તેમાં પડી ગયા હજું ઉઠતા નથી, તો એ મને એપ્રિલફુલ બનાવે છે કે તેને હોસ્પિટલ લઇ જાઉં...!?!

# પાઠય પુસ્તક મંડળના હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર, તા. ૨

ગુજરાત રાજય પાઠય પુસ્તક મંડળ કર્મચારી એસોસિએશનની સામાન્ય સભા ગઈ ૨૧ માર્ચના રોજ મુખ્ય કચેરી ખાતે મળી હતી. સભામાં મંડળના વર્ષ ૨૦૧૪ના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાંપ્રમુખ તરીકે પ્રવિણકુમાર નાયક, ઉપપ્રમુખ ચીમનલાલ રાજગોર અને મહેન્દ્રભાઈ પરમાર, મહામંત્રી ચિમનલાલ રાજગોર, સહમંત્રી પ્રજ્ઞાબેન પરમાર અને રમેશભાઈ પ્રજાપતિ, સલાહકાર કિશનભાઈ વસાવા અને પ્રવિણભાઈ રાવલ, ખજાનચી વિનોદભાઈ લાવંત્રા તેમજ કારોબારી સભ્યો તરીકે ચંદ્રકાન્ત રાઠોડ, જીતેન્દ્ર ગામીત, કાંતિલાલ પટેલ, કિરણભાઈ પરમાર, નંદકિશોર ત્રિવેદી, રાજેન્દ્રભાઈ રાણા, તેજુસિંહ વાઘેલા અને જેઠાભાઈ ઝાંપડિયાની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

# પરીક્ષામાં ન બેસવા દેવાના મુદ્દે શિક્ષણમંત્રીને રજુઆત

### રાય યુનિવર્સિટીમાં સતત બીજા દિવસે હોબાળો : વિદ્યાર્થીઓ અને વાલીઓએ હોબાળો મચાવી શિક્ષણમંત્રી પર દબાણ લાવ્યું : સત્તાધીશો સામે આકરા પ્રહાર કરાયા

અમદાવાદ, તા.૦૨

રાય યુનિવર્સિટીમાં અપૂરતી હાજરીના મુદ્દે ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓને મિડ ટર્મ પરીક્ષાના ન બેસવા હેવાના મામલે આજે બીજા દિવસે પણ વિદ્યાર્થીએ અને વાલીઓએ હોબાળો મચાવ્યો હતો. વાલીઓનો આક્ષેપ છે કે યુનિવર્સિટીના સત્તાધીશો રૂપિયા ૫૦૦૦ દંડ ભરો તો જ પરીક્ષામાં બેસવા દેવાશે તેવું જણાવી રહ્યા છે. બીજી બાજુ યુનિવર્સિટીના સત્તાધીશો વાલીઓના આક્ષેપોને નકારતા જણાવી રહ્યા છે કે સંસ્થા દ્વારા રિફંડેબલ રૂપિયા ૧૦૦૦ ની ફી લઈને ૭૫ ટકા હાજરી થશે તો જ વિદ્યાર્થીઓને વાર્ષિક પરીક્ષામાં બેસવા દેવામાં આવશે. દરમિયાન વાલીઓ દ્વારા આજે રાજ્યના શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાને આ અંગે રજુઆત કરવામાં આવી હતી.

પ્રાપ્ત થતી માહિતી મુજબ રાય યુનિવર્સિટી દ્વારા ફર્સ્ટ અને સેકન્ડ ઈયરના વિદ્યાર્થીઓને સેમેસ્ટરની પરીક્ષા સોમવારથી લેવાઈ રહી છે. આ પરીક્ષામાં અંદાજે ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓને સંસ્થાના સત્તાધીશો દ્વારા અપૂરતી હાજરીને મામલે પરીક્ષામાં બેસવા ન દેવાતા વાલીઓએ હોબાળો મચાવ્યો હતો. આ મામલે વાલીઓએ જણાવ્યું હતું કે કેટલાક વિદ્યાર્થીઓને ફી મોડી ભરાતા તેમને વર્ગમાં બેસવા દીધા ન હતા અને હવે ૭૫ ટકા હાજરીનું બહાનું કાઢી પરીક્ષામાં બેસવા દેવામાં આવ્યા નથી. આ ઉપરાંત સંસ્થા દ્વારા ફી ભરવામાં લેઈટ થાય તો પ્રતિદિવસ રૂપિયા ૧૦૦નો દંડ લેવામાં આવશે. આ મામલે સંસ્થાના અનિલ તોમરે જણાવ્યું હતું કે સંસ્થાના ૧૦૦૦ વિદ્યાર્થીઓમાંથી માત્ર ૯૦ વિદ્યાર્થીઓની હાજરી પુરતી ન હોવાથી તેમને સેમેસ્ટર પરીક્ષામાં બેસવા દેવામાં આવ્યા નથી. ૨૫ જેટલા વિદ્યાર્થીઓની ફી બાકી હોવાથી તેમને સેમેસ્ટર પરીક્ષા આપવા દેવામાં આવી નથી. જો વાર્ષિક પરીક્ષા પહેલા તેમની ૭૫ ટકા હાજરી થશે તો તેમને વાર્ષિક પરીક્ષામાં બેસવા દેવામાં આવશે. જો કે આ અંગે વાલીઓએ આજે શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાને રજુઆત કરી હતી. જેના પગલે શિક્ષણ મંત્રીએ તેમને મામલાની તપાસ કરીને યોગ્ય પગલા લેવામાં આવશે તેવી બાંહેધરી આપી હતી.

# બાળ શ્રમિકો માટે શાળાઓ ગ્રાન્ટના અભાવે હાલમાં ઠપ

અમદાવાદ, તા.૦૨

કેન્દ્ર સરકાર દ્વારા બાળ શ્રમિકો માટે ખાસ શાળાઓ અમદાવાદ સહિત રાજ્યભરનાં તમામ જિલ્લાઓમાં શરૂ કરવામાં આવી હતી. આ શાળાઓ છેલ્લા ચાર વર્ષથી ગ્રાન્ટના અભાવે ઠપ્પ થઈ ગઈ છે. સરકાર દ્વારા છેલ્લા વર્ષ ૨૦૧૦માંગ્રાન્ટ આપવામાંઆવી હતી. જો કે, એ પછી કોઈ ગ્રાન્ટ આપવામાં આવી નથી. કારણે એક ગરીબ બાળકોને મફત ઉચ્ચ સ્તરનું શિક્ષણ આપવાના ઉદેશ્ય સાથે શરૂ થયેલ આ શાળાઓ ગ્રાન્ટના અભાવે બંધ હાલતમાં છે.

૧૪ ઓગસ્ટ, ૧૯૮૭ના રોજ બાળ મજુરી ઓછી થાય તે માટે સરકાર દ્વારા નેશનલ ચાઈલ્ડ લેબર પોલીસી નામે એક પ્રોજેક્ટ તૈયાર કરાયો હતો. આ પ્રોજેક્ટ અંતર્ગત જે વિસ્તારમાં રેઈડ કે પછી સર્વે દરમ્યાન મજુરી કરતા બાળકો મળી આવે તો તે બાળકો ફરી વખત શ્રમ તરફ જોતરાય નહીં તે હેતુસર તેમના માટે એક ખાસ શાળાનું આયોજન કરાયું હતું. આ શાળાઓમાં બાળકોને એઈજ ગ્રુપ પ્રમાણે તેમને શિક્ષણ આપવામાં આવે છે અને તેમને તેમની નજીકની શાળામાં શિક્ષણ આપવામાં આવે છે. આ પ્રોજેક્ટનો હેતુ બાળમજુરી ઓછી થાય તેનો છે. જો કે, ૨૦૧૦માં આ પ્રોજેક્ટને ગ્રાન્ટ આપવામાં આવી હતી. એક માહિતી અનુસાર, અંદાજિત રૂા. ૧૦ લાખ જેટલી ગ્રાન્ટ આપવામાં આવે છે. સામાન્ય રીતે એનજીઓ દ્વારા આ બાળકોને ખાસ તાલીમ આપવામાં આવે છે. આ અંગે વાત કરતાં એનસીએલપી પ્રોજેકટના ડાયરેકટર કમલેશ રાજગુરૂએ કે, નેશનલ ચાઈલ્ડ લેબર પોલીસી અંતર્ગત વર્ષ ૨૦૦૫માં સમગ્ર ભારત દેશમાંથી કુલ ૨૨૫ જિલ્લાઓને પસંદ કરવામાં આવ્યા હતા.

# ‘આવ રે ચકલા પાણી પીવા’નો સાદ પાડી જેસીઆઈ ટીમે પક્ષીઓની તરસ છીપાવી

ગાંધીનગર, તા.૨

ઉનાળાની શરૂઆત થતાં જ



પક્ષીઓ માટે પાણી આકુળ વ્યાકુળ થઈ ઉડાઉડ કરતાં હોય છે. એક સમયે ઘર ઘરની શોભા બનેલી ચકલી એન.આર.આય. બની ગઈ છે. બળબળતાં ઉનાળામાં કેટલાંય પક્ષી પાણીના અભાવે પ્રાણ ગુમાવી દે છે... ગાંધીનગરને પક્ષીઓ માટે ‘તરસ મુકત’ બનાવવાની નેમ લઈને ટીમ જેસીઆઈ આ વખતે પાણીની પરબડીઓ લટકાવવાં શહેરમાં સેકટરે સેકટરે ફરી રહી છે. આમ તો ગાંધીનગરમાં ઘણીયે સંસ્થાઓ પક્ષીઓની તરસની કાળજી લે જ છે, પણ જયારે ભારતનું ભવિષ્ય જેવાં યુવાનો લુપ્ત થતી ‘ચકા-ચકી’ની જોડીને બચાવવાં ‘આવ રે ચકલા પાણી પીવા’નો સાદ પાડે છે ત્યારે ખરેખર રોમાંચીત થવાય છે.

ઝાડે ઝાડે પાણીની પરબડીઓ લટકાવવાનો આ પ્રોજેકટ જેસીઆઈ ટીમનાં ભાવેશ ભાવસારે ઉપાડયો છે, વિરલ શાહના સપોર્ટ સાથે સુજલ શાહ, સ્મિત પટેલ, મિલન ચૌધરી, શિતાંગ જોષી, નિકુંજ શુકલ, વિનેશ ચૌહાણ, કિર્તી ઠાકોર અને અન્ય યુવાનો પક્ષીઓની પરબ ઝાડે લટકાવી અને એમાં નિયમિત પાણી ભરાય એવી કાળજી પણ રાખી રહ્યાં છે.

ચોથી એપ્રિલને વિશ્વ પક્ષી દિને મહત્તમ પરબનું વિતરણ અને યોગ્ય ગોઠવણ થાય એ માટે જેસીઆઈ પ્રમુખ સાત્વિક ત્રિવેદી અને તરવરાટ ભર્યા મંત્રી કેતન ભાવસાર પક્ષીઓની તરસ છીપાવવા સાદ પાડી રહ્યા છે. આકુળ વ્યાકુળ પક્ષીઓને સહેલાઈથી પાણી મળે અને ગાંધીનગરમાં કોઈ પક્ષી તરસને કારણે ના મરે એ માટે ટ્રેનર કેતન નિર્મલ વિશેષ કાળજી લઈ રહ્યાં છે. માણસો માટે તો પાણીની પરબો સૌ બંધાવે છે પણ અબોલ પક્ષીઓની તરસ છીપાવતાં આ યુવાનો ધન્યવાદને પાત્ર છે.

# યુવક અને યુવતીઓનું ઊંહુ ‘કાફે કોફી ડે..’યાને કે સીસીડી અને મલ્ટીપ્લેક્સ વગર આહા...આહા...

## ઊંહું સે આહા તક..

બિપન ત્રિવેદી

શબ્દકોશમાં ઊંહુંનો અર્થ કદી નહીં... એવો થાય છે. પરંતુ વહેવારમાં તેનો અર્થ પાર્ટી... માની જવાના ચાન્સ છે એવો થાય છે. કદાચ પૂર્વજન્મના સંસ્કારોના અનુભવ આ જન્મમાં કેરી ફોરવર્ડ થતા હશે કે ગમે તે કારણ હોય પણ દરેક જીવને ઘોડિયામાંથી જ રિસાવા માટેની અંતઃપ્રેરણા મળી જતી હોય છે. બાળક પહેલી વખત રિસાઈ જતો હોય છે ત્યારે કદાચ અંધારામાં ગોળીબાર કરવા જેવો પ્રયત્ન કરતો હોય છે. પરંતુ જયારે તેને મનાવવા માટે તેની મા કે અન્ય લોકો ઘૂઘરાં કે પિપૂડાં વગાડીને ફિલ્ડિંગ ભરવા લાગે છે ત્યારે તેને ખાતરી થઈ જાય છે કે આ હથિયાર કારગત નીવડે તેમ છે. પછી તો તે પાછું વાળીને જોતો જ નથી. મોટો થાય એટલે લોલીપોપ કે ટોફી આપીને તેને મનાવવામાં આવતો હોય છે. આ બાળકને ઊંહુંની કિંમત આહા જેટલી મળી શકે તેમ છે તેની ઉત્તરોત્તર ખાતરી થતી જાય છે. જયારે જયારે બીજા પાસે પોતાનું ધાર્યું કરાવવું હોય ત્યારે હાથ-પગ પછાડવાના અને ઊંહું કરીને મોઢું ફુલાવીને બેસી જવાનું. મોટાભાગે તો તેને નાના-મોટી લાલચ આપીને મનાવી લેવામાં આવે છે. પરંતુ વારંવાર જો આ હથિયાર વાપરવાની ટેવ પડી જાય તો કોઈક વખત પાસા ઊલ્ટા પણ પડે અને કોઈ વડીલને તેનામાં ઢગાના દર્શન થતાં તેને અડબોથ લગાવી દે એવું પણ બને. પછી આ રીતે અનુભવના આધારે તે બાળક ઊહું રૂપી આ હથિયાર કયારે વાપરવું, કેટલું ખેંચી રાખવું અને કયારે મ્યાન કરવું તેની કળામાં પાવરધું થઈ જાય છે.

આમ જોવા જઈએ તો ઊંમર અને જીવનની અવસ્થા પ્રમાણે ઊંહુંથી આહા સુધીની બધાંની પોતપોતાની અલગ જ રિસામણાં અને મનામણાંની ખટ્ટમીઠ્ઠી કહાની હોય છે. બાળકોના ઊંહુંમાં ભોળપણ દેખાતું હોય છે. જે ચોકલેટ કે બિસ્કિટની ઓફરથી આહા થઈ જતું હોય છે. જયારે યુવક અને યુવતીઓનું ઊહું ‘કાફે કોફી ડે..’યાને કે સીસીડી અને મલ્ટીપ્લેક્સ વગર આહા...આહા... માં પરિણમતું નથી. ત્યારે લગ્ન પથી માનુનીઓના ઊંહુંને આહામાં પલટાવતાં ભલભલા પતિદેવોને પરસેવો પડી જતો હોય છે. એટલીસ્ટ એવું દેખાડવું તો પડે છે. યે કહીં કિતાબોમેં નહીં લીખા.. મગર હમને માના હય... ઘણાંને વાતે વાતે વટકતું હોય છે. નાની -નાની વાતમાં ઊહું.. ઊંહું... કરવાની આદત પડી જાય છે. તેમને ‘મેનેજ’ કરવા અઘરાં થઈ પડે છે. જો કે અપવાદ રૂપે કયાંક કયારેક આકરાં પાણીએ હોય ત્યારે કોઈ મરદ મૂછાળાં પોતાની ભાર્યા બહુ ઊંહું... ઊંહું.. કરતી હોય ત્યારે તેને ‘હવે વેવલી થા માં...’ એવું કહી દેતાં હોય એ અલગ વાત છે.

અમારા મિત્ર શંકરલાલના મતે આજકાલની માનુનીઓ હવે સાડી જેવી ચીજ માટે ઊંહુંનું હથિયાર અજમાવતી નથી. કદાચ સોનાની જાળ પાણીમાં કયાં નાંખવી એવું વિચારીને એટલાનો હવાલો તો તેમણે ટીપે ટીપે ભેગી કરેલી બે નંબરની બચતમાંથી પાડી દેતી હોય છે. જયારે ડાયમંડની કે ગોલ્ડનની જવેલરી કે મોંઘા અને કિંમતી બ્રાન્ડેડ મોબાઈલ તેની પ્રતિસ્પર્ધી પડોશણે વસાવ્યા હોય તો તે તેનાથી સહન થતું હોતું નથી. અને જ્યાં સુધી પેલીથી ચડિયાતી ચીજ પોતે ખરીદી ન લે અને પેલીને બતાવે નહીં ત્યાં સુધી તેને ચેન પડતું નથી. આ માટે ઊંહું રૂપી ‘વીંટો’ પાવર વાપરવા તે દિવસો સુધી હનુમાન જેવું મોઢું ફુલાવીને રિંસાઈ જઈને કોપ ભવનમાં જતાં રહે છે. ધણીને ભાવતી ના હોય તેવી એકની એક વાનગીઓ ઉપરાઉપરી માથે મારવા માંડે એટલે પેલાને અનુભવના આધારે સેન્સ આવી જાય છે કે માતાજી રિસાયાં લાગે છે અને હવે આહા કરાવવું જ પડશે. ઈતિહાસમાં રઘુકુળમાં માતા કૈકેયીએ ઊંહુંનું હથિયાર દાસી મંથરાના કુશળ માર્ગદર્શન હેઠળ વાપરી અને આહા... આહા...ની ભેટ મેળવી હતી. ત્યારથી આજ સુધી ઘણી બહેનો માતા કૈકેયી રોલ મોડલ માનીને પોતાના ધણી પાસે પોતાનું ધાર્યું કરાવતી આવી છે.

વનપ્રવેસ કરી ગેયલાઓના ઊંહુંમાં બહુ કૌવત નથી હોતું. જીવનની આથમતી સંધ્યાએ પહોંચી ગયેલાઓ જો સાનમાં સમજે નહીં તો ઊંહું થી આહા સુધીની મજા ફીલ કરી શકતા નથી હોતા. એવા બૂઢિયાઓ પછી જો કોઈ તેમને સારા શ્રોતાગણ મળે તો તેમની આગળ વરાષ કાઢ્યાં કરતાં હોય છે. જેને ઘણાં અસહિષ્ણુ લોકો ‘આ... તો... રોદણાં રહે છે...’ એવું કહેતાં હોય છે. કોઈ ઉપવાસ કરે તો તેને પણ લોકો કેવા પારણું કરાવતાં હોય છે. જયારે આમનાં ઊંહુંની કોઈ કિંમત જ નહીં. આ તે કેવું કહેવાય!

કુટુંબમાં કોઈ પ્રસંગે હોય તેવે સમયે કેટલાંક ઊંહું બ્રાન્ડ વડીલોને ગ્રહણ ટાણે જ સાપ કાઢવાની આદત હોય છે. આવા નડે નહીં તે માટે તેમને પ્રસંગ વખતે કેમ રાખવા તેની વ્યૂહરચના આગોતરું આયોજન કરીને જાણકારો ઘડી કાઢતાં હોય છે. ખરા સમયે તેમની આજુ અને બાજુ બાઉન્સરો જેવા અમુક જુવાનિયાઓ ગોઠવાઈ જતાં હોય છે. જે તેમને તલપ લાગી હોય કે ન લાગી હોય તો પણ ધરાર ઈમોશનલ બ્લેકમેઈલીંગ કરીને કે યેનકેન પ્રકારેણ વાતોમાં વળગાડીને દૂર ચા-પાણી, નાસ્તો, સોડા, પાન, બીડી વિગેરે.. કરાવવા કીડનેપીંગ કરી જતાં હોય તે રીતે ઊઠાવી જતાં હોય છે..

આપણે ત્યાં રાજકારણમાં પણ દરેક રાજકીય પક્ષોમાં આવા ઊંહું બ્રાન્ડ ઘણાં બૂઢિયાં નેતાઓ જોવા મળે છે. ચૂંટણી ટાણે આવા બૂઢિયા નેતાઓ ખાસ ખીલતાં હોય છે. સત્તાનું સીતાફળ ખાવાની વાસના હજુ પણ લબકારા મારતી હોય છે. મસાણે જવાનો સમય થયો હોવા છતાં બીજા બધાં કરતાં ખુરશી પકડવા જબરી દોટ મૂકતાં હોય છે. જો તેમને અવગણવામાં આવે તો તેઓ ઊંહું.. ઊંહું... કરી કોપભવનમાં જતાં રહે છે. તેઓ પાછા હમ કિસી સે કમ નહીં.. એવું લોકોને દેખાડવા માટે ટેક્નોસેવી બનતાં હોય છે. ટ્વીટર અને ફેસબુક પર લાઈક અને ડીસલાઈક માર્યા કરતાં હોય છે. અને ઝાડ ઉપરથી ચરકયા કરતાં પક્ષીની પેઠે ગમે ત્યારે કારણ વગર ટ્વીટ કર્યા કરતાં હોય છે. આવા ઊંહું બ્રાન્ડ બૂઢિયા નેતાઓ નવરાં લોકોનું મનોરંજન કરતાં હોય છે. જેટલો સમય તેમના રિસામણાં અને મનામણાં ચાલતાં હોય તેટલો વખત ચેનલોના રિપીટ ટેલીકાસ્ટ ના કારણે હવે શું થશે? તેનું સસ્પેન્સ રહ્યાં કરતું હોય છે.

મોટા... માનશે કે કેમ? નહીં માને તો શું થશે? રિસામણાં મનામણાં દરમ્યાન જો વડીલ ઊકલી જશે તો શું થશે? કોને કેવું લાંછન લાગશે? એવાં ઉત્કંઠા ભર્યા પ્રશ્નોની ચર્ચા દિવસો સુધી નવરાં, ઘરડાં અને નિવૃત્ત માણસો સોસાયટીમાં બાંકડા પર કે બગીચામાં બેસીને કર્યા કરતાં હોય છે અને સમય પસાર કરતાં હોય છે. ઘડપણ એવી અવસ્થા છે કે માણસનો સમય કેમે કરીને પસાર થતો હોતો નથી. ઘરમાં કોઈ પૂછતું હોતું નથી. સોસાયટીની બહાર નીકળેતો રખડતાં ઢોર કે કોઈ વાહનની અડફેટે આવી જવાનો ભય સતાવતો હોય છે. બીમાર શરીર અને અતૃપ્ત જીભલડીના જોર આગળ ઘરડાં લોક લાચાર હોય છે. ત્યારે ભલું થજો મિડિયા વાળાઓનું કે રાજકારણના બૂઢિયા નેતાઓના રિસામણાં મનામણાંના રિપીટેડ ટેલીકાસ્ટ દિવસો સુધી વારંવાર બતાવી બતાવીને મનોરંજન પૂરું પાડે છે. રિસામણાં મનામણાંના ડ્રામા દિવસો સુધી અધ્ધરજીવે જોતાં જોતાં નિવૃત્ત લોકોનો ટાઈમ પાસ થઈ જાય છે. જયાર બૂઢિયા નેતાઓનું ઊંહું જલ્દી પૂરું થઈ જાય છે ત્યારે ઘણા લોકો નિઃસાસો નાખતાં હોય છે કે સાલી મજા ન આવી. કોકડું બહું ગૂંચવાયું નહીં. આ વખતે જલ્દી પૂરું થઈ ગયું. વડીલે થોડું લાંબુ ખેચ્યું હોત તો વાંધો ન આવત.

ચૂંટણી વખતે તો ઊંહું... ઊંહું... આહા... આહા...ની મોસમ જામે છે. રિસાઈ ગયેલા વડીલને પક્ષના કાર્યાલયમાં કે કોઈ અજ્ઞાત અને અવાવરુ સ્થળે ધોતિયા સાથે ટીંગાટોળી કરીને ગોળ ગોળ ફેરવતાં ફેરવતાં લઈ જતાં હોય કે ગમે તે રીતે પણ સામ, દામ, દંડ અને ભેદની નીતિ અજમાવીને પણ મનાવી લેવામાં આવતાં હોય છે. છેવટે ઘી ના ઠામમાં ઘી પડી જતું હોય છે. કયારેક કોઈ બૂઢિયા નેતા મમત ન છોડે અને મોવડીમંડળનું માને નહીં અને બહું ખેંચે તો કોરાણે ધકેલાઈ જતાં હોય છે. તેમનું પત્તું કપાઈ પણ જતું હોય છે.